સ્ટાર સાયન્સ એજયુકેશન અને આઈસીઆઈ દ્વારા

સ્કીલ ડેવલપમેન્ટ અને કેરિયર કાઉન્સેલીંગ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની સ્ટાર સાયન્સ એજયુકેશન તેમજ આઈસીઆઈના સંયુકત ઉપકમે તા. ૨૫મી જાન્યુઆરીએ સે-૧૭ની સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે એક

સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ કેરીયર કાઉન્સેલીંગ સેમિનાર યોજાયો હતો. આ સેમિનાર દરમિયાન સ્ટાર એજયુકેશન દ્વારા અગાઉ લેવાયેલ સ્કોલરશીપ ટેસ્ટ ડ્રીમ-૨૦૧૪ના વિજેતાઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્રો આપી અને આઈસીઆઈ સ્કોલરશીપ ટેસ્ટના વિજેતા બાળકોને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સથી સન્માનવામાં આવ્યા હતા.

સેમિનારમાં ધોરણ ૭ થી ૧૨ના વિદ્યાર્થીઓના ભાવિ સર્વાંગી વિકાસ, ગણિત અને વિજ્ઞાનના કૌશલ્યપૂર્ણ અભ્યાસ, દરેક પ્રકારની ઈજનેરી અને દાકતરી શાખા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા અંગે ઉપયોગી મહત્વના મુદ્દાઓ પર જાણકારી આપવામાં આવી હતી. સંસ્થાના એકેડેમીક ડાયરેકટર શ્રી નિવાસ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કેરીયર કાઉન્સેલીંગ કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં મુખ્ય અતિથિપદે એલએલબી ગોલ્ડ મેડાલીસ્ટ જયરાજ પંડયા, અતિથી વિશેષ પદે આઈસીઆઈ ગાંધીનગરના પ્રેસિડેન્ટ સાત્વિક ત્રિવેદી અને કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન કંપનીના સિનિયર મેનેજર કેતન નિર્મલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ ભાગ લીધો હતો.

અડાલજમાં ઘરફોડ તસ્કરોએ ૬.૬૦ લાખનો મુદ્દામાલ સાફ કર્યો

હેતમણી સોસાયટીમાં ગત સપ્ટેમ્બરમાં લગ્નપ્રસંગ પૂર્વે તસ્કરોએ હાથફેરો કર્યો હતો

ગાંધીનગર, તા. ૨૭

અડાલજ સ્થિત હેતમણી સોસાયટીમાં બપોરના સમયે જાણભેદુ તસ્કરોએ એક બંગલાને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળીન કુલ રૂ. ૬.૬૦ લાખના મુદ્દામાલની ચોરી કરી હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ છે.

અડાલજમાં ગત સપ્ટેમ્બર મહીનામાં થયેલી ઘરફોડ ચોરી સંદર્ભે મકાનમાલિકે ચાર મહીના બાદ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અડાલજની હેતમણી સોસાયટીમાં બંગલા નં. ૧૮માં રહેતા મણીલાલ વિઠ્ઠલભાઈ પ્રજાપતિના પુત્રના ગત તા. ૨૦ ઓકટોબરના રોજ લગ્ન હતા જ્યારે લગ્નપ્રસંગ પૂર્વે તા. ૨૮ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૩ના રોજ તેમના મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુ હતું. બપોરના ૧ થી ૩ વાગ્યાના સુમાર વચ્ચે જાણભેદુ ચોર ઈસમોએ તેમના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળીને કુલ રૂ. ૬.૬૦ લાખના મુદ્દામાલની ચોરી કરી હતી. પરંતુ પુત્રના લગ્નને લઈ મકાનમાલિકે તેવા સમયે આ મામલે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે ચોરીના આ બનાવ સંદર્ભે બે દિવસ પૂર્વે જ અડાલજ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. કે.બી. રાણાવતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સચિવાલયમાં છઠ્ઠા માળેથી નીચે પડતા કર્મચારીનું મોત

મૃત્યુ પામનાર ઘનશ્યામસિંહ નાણાં વિભાગની રજીસ્ટ્રીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા

ગાંધીનગર, તા.૨૭

નવા સચિવાલય સ્થિત બ્લોક નં. ૨ થી ૪ વચ્ચેના ભાગમાં છઠ્ઠા માળેથી નીચે પડી જતા નાણાં વિભાગના એક કર્ચમારીનું દુઃખદ મોત નિપજયું હતું. ઓફિસ શરૂ થવાના સમયે જ અચાનક આ ઘટના બનતા કર્મચારી આલમમાં પણ આઘાતની લાગણી વ્યાપી હતી.

વાવોલમાં રહેતા અને સચિવાલયમાં નાણાં વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ (ભીખાભાઈ) માધવજી રાઠોડ ઉ.વ.૪૮ આજે સવારે નવા સચિવાલયના છઠ્ઠા માળથી પડી જતા તેમનું મોત નિપજયું હતું.

સવારે ૧૦.૪૫ કલાકે સચિવાલય બિલ્ડીંગના છઠ્ઠા માળે બ્લોક નં. ૨ થી ૪ વચ્ચેના પેસેજમાંથી તેઓ નીચે પટકાતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબીબે તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવ સંદર્ભે સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.યુ. ગડરીયાએ અકસ્માતે મોતનો ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં યુવા સંમેલન અને હસ્તકલા કૃતિ પ્રદર્શનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવાનોના ઘડતર વિકાસ અને વ્યક્તિ વિકાસના ઉદ્દેશથી તા. ૩૦મી જાન્યુઆરીએ સેક્ટર-૧૬માં આવેલ યુથ હોસ્ટેલમાં જિલ્લા યુવા સંમેલન અને યુવા કૃતિ-હસ્તકલા પ્રદર્શન યોજવામાં આવ્યું છે. જિલ્લાકક્ષાનું આ યુવા સંમેલનનો સવારે ૧૦ વાગે પ્રારંભ કરવામાં આવશે.

સમગ્ર જિલ્લાના યુવા મંડળો, મહિલા મંડળો અને યુવા ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ આ યુવા સંમેલનમાં હાજરી આપશે. આ ઉપરાંત સંમેલનમાં રાજય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહી રાષ્ટ્રીય યુવાનિતી, યુવાનો માટે સ્વરોજગારલક્ષી તાલીમ અને ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમ અંગે વિવિધ તજજ્ઞો દ્વારા આપવા પ્રયાસ કરશે.

આ સંમેલનની સાથે યુવાનોમાં વિવિધ કૌશલ્યના વિકાસ અર્થે જિલ્લાના ગ્રામ વિસ્તારના યુવા કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ હસ્તકલાના નમૂનાનું નિદર્શન અને પ્રદર્શન પણ યોજવામાં આવેલ છે. આ પ્રદર્શન માટે આ યુવા કારીગરોને વિના મૂલ્યે જગ્યા ફાળવવામાં આવનાર છે. રજીસ્ટર્ડ યુવા મંડળો, મહિલા મંડળોને નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા રમતગમતના સાધનોનું પણ વિતરણ કરવામાં આવશે. તેમજ યુવા કૃતિ પ્રદર્શનમાં ભાગ લેનાર યુવા કારીગરોને પ્રમાણપત્ર તેમજ પ્રવાસ ખર્ચ પણ આપવામાં આવશે.

બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટેનો છેલ્લો રાઉન્ડ

ગાંધીનગર શહેરી વિસ્તારના સેકટર-૧ થી ૩૦ તથા જી.ઈ.બી, બોરીજ, આદિવાડા, ઈન્દ્રોડા તથા ઘોળાકુવા ના બારકોડેડ રેશનકાર્ડ કાઢી આપવાની -ક્રિયા ઝોનલ કચેરી, ચોથો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે ચાલું છે. જે રેશનકાર્ડ ધારકોને બારકોડેડ રેશનકાર્ડ મેળવવાના બાકી હોય તેમણે સત્વરે ઉપર્યુકત કચેરીએ પોતાનું જુનું રેશનકાર્ડ જમા કરાવી નવું રેશનકાર્ડ મેળવી લેવાનું રહેશે. આ બારકોડેડ રેશનકાર્ડ માટેનો છેલ્લો રાઉન્ડ હોઈ જે તે રેશનકાર્ડ ધારકોએ જરૂરી પુરાવા રજૂ કરીને પોતાનું નવું બારકોડેડ રેશનકાર્ડ મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ જણાવ્યું છે.

ગાંધીનગર ખાતે સંસ્કૃતિ કૂંજમાં યોજાનાર વસંતોત્સવની પાર્કિંગ વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં આવેલા સંસ્કૃતિકુંજ, સેકટર-૯ ખાતે તા. ૨૭ જાન્યુઆરી,૨૦૧૪ થી તા. ૭ ફેબ્રુઆરી,૨૦૧૪ સુધી રાષ્ટ્રીય કક્ષાનો સંસ્કૃતિક કાર્યક્રમ વસંતોત્સવ શરૂ થનાર છે.આ ઉત્સવમાં મહાનુભાવો પદ્યારવાના છે.તેમજ આ કાર્યક્રમ નિહાળવા વિશાળ સંખ્યામાં જનમેદની આવશે.આ ઉત્સવને ધ્યાને રાખી વાહનોના પાર્કિંગ માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા જાહેરનામું -સિધ્ધ કરવામાં આવ્યું છે.

જે અનુસાર તા. ૨૭ જાન્યુઆરી,૨૦૧૪ થી તા. ૭ ફેબ્રુઆરી,૨૦૧૪ દરમ્યાન ૧૫.૦૦ થી ૨૪.૦૦ કલાક સુધી જ- રોડ ઉપરથી સચિવાલય ગેટનંબર-૩ જતાં માર્ગની બને સાઈડ કાર તેમજ ટુ વ્હીલર માટે પબ્લીક પાર્કિંગ રહેશે. સરિતા ઉદ્યાન મેઈન ગેટ આગળ વી.વી.આઈ.પી કારનું પાર્કિંગ થશે. સરિતા ઉધાનથી સેકટર-૯ માં જતાં માર્ગની બન્ને સાઈડ ટુ વ્હીલર પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.તેમજ સરિતા ઉધાન થી ઈન્દ્રોડા તરફ જતાં તોરણ કાફેટેરીયાની આજુબાજુ પબ્લીક કાર પાર્કિંગ કરવાનુંરહેશે.તે ઉપરાંત સંસ્કૃતિ કુંજની સામેના રોડ ઉપર પશ્ચિમ તરફ ફકત કાર પાસ ઈસ્યુ કરવામાં આવેલા વાહનો પાર્ક કરી શકાશે.

સરસ્વતી વિદ્યાલયના બાળકોનું સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સે. ૬-બી ખાતે આવેલ સરસ્વતી વિદ્યાલયના બાળકો દ્વારા ૬૫મા પ્રજાસત્તાક દિને સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત સેકટર-૬માં જ્યાં જ્યાં પ્લાસ્ટિક કે અન્ય કચરો પડ્યો હોય તે બાળકો દ્વારા એકત્ર કરવામાં આવ્યો હતો.

બાળકો અને શહેરના નાગરિકોમાં સમાજના સમુહજીવન અને સ્વચ્છતા અંગે જાગૃતિ પેદા થાય અને તેનું જીવનમાં મહત્વ સમજાય તેવા ઉમદા હેતુથી આ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્યારના સમયમાં ચારે તરફ પ્લાસ્ટિકના બેફામ ઉપયોગ દ્વારા આસપાસના વાતાવરણ અને સમગ્ર જીવસૃષ્ટિ માટે પડકારો ઉભા થયા છે અને તેનાથી પર્યાવરણને ભયંકર નુકસાન થઈ રહ્યું છે. તે અંગે સમાજ તથા વિદ્યાર્થીઓમાં નવચેતના પેદા કરવાના આશયથી આ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા કચરો એકત્ર કરી મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલીડ વેસ્ટ ડિપાર્ટમેન્ટના નિકાલ સ્થળે મોકલી આપવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા અભિયાનમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

બિનેવલન્સ ચેરીટેબલ ટ્રસ્ટ (ડીમ્ડ) દ્વારા ગ્લુકોઝ બિસ્કીટના પેકેટોનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સ્થિત શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલ (ગુરૂકુલ)ની ૧૯૯૦ની સાલની બેચના વિદ્યાર્થીઓએ સાથે મળીને બિનેવલન્સ ચેરીટેબલ ટ્રસ્ટ (ડિમ્ડ)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ટ્રસ્ટ સક્રિય રીતે જુદી જુદી સેવાકીય પ્રવૃત્તિઓ, જેવી કે જરૂરીયાત મંદ વ્યક્તિઓને અને ગરીબ વર્ગનો પોષણયુક્ત ખોરાદ, દવાઓ, કપડા, કાયદાકીય મદદ, બ્લડ ડોનેશન, આઈ સ્ક્રીનીંગ કેમ્પ, સ્ત્રીઓ અને બાળકોના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, તબીબી અને કાયદાકીય પ્રવૃત્તિઓ તેમજ અન્ય પ્રવૃત્તિ કે જે સમાજને ઉપયોગી થાય તેવીનું સંકલન અને આયોજન કરી રહી છે. આજ રોજ ગણતંત્ર દિવસના રોજ જરૂરીયાત મંદ બાળકોને ગ્લુકોઝ બિસ્કીટના પેકેટોનું મોટી સંખ્યામાં વિતરણ કરાયું.

બિનેવલન્સ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી એડવોકેટ ચિરાગ ભટ્ટ, ટ્રસ્ટીશ્રી ડૉ. દક્ષેન ત્રીવેદી, ટ્રસ્ટી શ્રી ચિરાગ બારોટ, ટ્રસ્ટીશ્રી ચિરાગ ચાવડા, ટ્રસ્ટીશ્રી વર્ષા સાકરીયાઓએ સક્રિય રીતે શહેરની જુદી જુદી જગ્યાઓએ જઈને જરૂરીયાતમંદ બાળકોને ગ્લુકોઝયુક્ત બિસ્કીટના પેકેટોનું વિતરણ કર્યું હતું.

પ્રેરણા વિદ્યાલયની બાળાઓ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સે-૫-એમાં આવેલ પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ

કુ. પાર્વતી ઠાકોર અને કુ. રસના ઠાકોરે તા. ૧૭મી થી ૨૧મી જાન્યુઆરી દરમિયાન આંધ્રપ્રદેશના નધ્ધાલ ખાતે યોજાયેલ ૫૯મા રાષ્ટ્રિય શાળા રમતોત્સવમાં તલવારબાજીની રમતમાં અંડર-૧૪ કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીતી શાળા તેમજ શહેરનું ગૌરવ વધારેલ છે. આ બંને ખેલાડીઓની આ શાનદાર સિધ્ધિ બદલ શાળા સંચાલક ટ્રસ્ટી પરિવાર તથા આચાર્યા અને કર્મચારી ગણે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

ખોવાયેલ છે

ગાંધીનગર, તા.૨૭

ઘ-૨ થી ઘ-૫ રોડ ઉપર ડોડિયા ગજરાબેન પ્રવિણસિંહની પીયરલેસ પોલીસી ખોવાયેલ છે. જેનો સર્ટી નં. ડી ૨૯૫૭૧૭૪ છે. જો કોઈને મળે તો પ્લોટ નં. ૧૪૭૬-૧, સે-૩-સી, ગાંધીનગર મો. ૦૭૯-૨૩૨૪૯૯૯૮ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

સાદરા મુકામે મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહા વિદ્યાલયમાં

ગુજરાત વિદ્યાપીઠનો ૮મો રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના સાદરા મુકામે આવેલ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય ખાતે ગુજરાત વિદ્યાપીઠના ૮મા રમતોત્સવનું આયોજન તા. ૨૬મી જાન્યુઆરીએ કરવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કરાયા બાદ આ રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો.

૬૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી સાદરા મુકામે ધ્વજવંદનની સાથે સાથે વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજીને કરવામાં આવી હતી. આ રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, દોરડા કૂદ, ગોળા ફેંક, બરછી ફેંક, ચક્ર ફેંક, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, વોલીબોલ, કબડ્ડી અને ખો-ખો જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં ગુજરાત વિદ્યાપીઠના જુદા જુદા મહા વિદ્યાલયો અને વિભાગોના ૨૬૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રમતોત્સવના ઉદઘાટન સમારોહમાં સંયોજક જમનાદાસ સાવલીયા, રાજીવ પટેલ અને એનએસએસ ઓફિસર અરૂણભાઈ ગાંધીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સમારોહમાં કુલનાયક કનૈયાલાલ નાયકે સ્વાગત વિધિ કરી હતી.

આ રમતોત્સવના આયોજનની મુખ્ય જવાબદારી કનુભાઈ વસાવાએ સંભાળી હતી. રમતોત્સવના સમાપન પ્રસંગે વિજેતાઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. સમાપન સમારોહમાં એન.એસ.એસ.ની ગુજરાત પ્રાંતની જવાબદારી સંભાળનાર કમલકુમાર કર ઉપસ્થિત રહ્યા હતા. જેમણે તેમના પ્રેરક ઉદબોધનમાં યુવાનોને રમતનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ધ્વનિલ પારેખે સંભાળ્યું હતું.

ગાંધી નિર્વાણ દિને ૧૬મી શ્રી ગાંધીકથાનું આયોજન

મહાત્મા ગાંધીના જીવનને આવરી લેતી કથા દ્વારા સત્ય અને અહિંસાનો મહીમા પ્રસરાવવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સે. ૬ ખાતે આવેલ ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં તા. ૩૦મી જાન્યુઆરીએ બપોરે ૩.૩૦ થી ૬.૦૦ વાગ્યા દરમ્યાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના પ્રયાસરૂપે ૧૬મી શ્રી ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગાંધીકથા શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ અને પેન્શનર સમાજ દ્વારા આયોજિત કરવામાં આવી છે.

ભારતની આઝાદીના સૂત્રધાર એવા મહાત્મા ગાંધીની કીર્તિમંદિર પોરબંદરથી લઈને નવી દિલ્હીના તીસ જનવરીલેન પરના બિરલા હાઉસ સુધીની સમગ્ર જીવનયાત્રાને આવરી લેતી આ ગાંધીકથા વક્તા કનુભાઈ દવેના મુખેથી રજૂ થશે. આ ગાંધીકથામાં ગાંધીજીએ બાળપણમાં 'શ્રવણ પિતૃભક્તિ' નાટક વાંચીને માતા-પિતાની સેવા કરવાનું નક્કી કર્યુ હતું પરંતુ તેમણે તો સેવા કરી આખા હિન્દુસ્તાનની અને રાજા હરિશચંદ્ર નાટક જોઈને સત્યને પકડી લીધુ જેવી અનેક બાબતો આવરીલેવામાં આવી છે. પોતાના ભાઈને દેવામાંથી મુક્ત કરવા ચોરી કરવામાં મદદ કરનાર મોનિયા ઉર્ફે મોહનદાસે અપરાધભાવથી પીડાતા માંદગીને બિછાને પડેલા પિતાને સત્ય ઉજાગર કરતી ચિઠ્ઠી લખી અને તે ચિઠ્ઠી વાંચીને પિતાની આંખમાં આવેલા આંસુમાં તેમને અહિંસાની અને સત્યની તાકાતના દર્શન થયા જે આઝાદીના જંગમાં તેમના મુખ્ય શસ્ત્ર બન્યા હતા. જે બેરીસ્ટર ગાંધી સ્મોલ કોર્ટમાં ગભરાઈને ગબડી પડ્યા હતા તે ગાંધીને મેરીત્સબર્ગ સ્ટેશને કડકડતી ઠંડીમાં પોલીસે ધક્કો મારી બહાર ફેંકી દેતા તેમનામાં વિરાટ આત્મા જાગી ઉઠ્યો હતો અને પછી તો આઝાદીની લડત વખતે અંગ્રેજ સરકાર રાત્રે પણ ગાંધીજીની ધરપકડ કરતા ડરતી હતી. આવા વિરલ યુગ પુરુષની પુણ્યતિથિએ શ્રી ગાંધી કથા દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવનાર છે.

કાગડા કૂતરાના મોતે મરીશ પણ આઝાદી મેળવ્યા વિના આશ્રમમાં પાછો નહી ફરૂ જેવી હાંકલ દ્વારા દાંડીકૂચ કરનાર મહાત્માના જીવનને આવરી લેતી આ કથામાં તેમના જ નામથી રચાયેલા ગાંધીનગરના નાગરિકોને ભાગ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૧૪

હવામાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૯.૪૫, ૧૨.૫૫, ૪.૫, ૭.૧૫, ૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
જય હો : ૮.૩૦, ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૨૫, ૬.૩૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૦.૪૫, ૫.૫, ૮.૧૫
યારીયાન : ૧.૫૫

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જય હો : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
: સ્ક્રીન-૨ :
જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૧.૩૦, ૮.૩૦, ૯.૩૦
યારીયાન : ૨.૩૦

સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જય હો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૧.૦૦, ૭.૩૦, ૧૦.૩૦
યારીયાન : ૨.૦૦ ૪.૩૦

વિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે.

વૃષભ : સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. પેટ સંબંધી બિમારી થઈ શકે છે.

મિથુન : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

કર્ક : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : વ્યપાર- વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

તુલા : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

ધન : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

મકર : સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

મીન : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

ચિરવિદાય

- સ્વ. તાળુભાઈ ફતાભાઈ વણઝારા (ઉ.વ. ૩૨) મુ.પો. માણસા, તા.માણસા, જિ. ગાંધીનગર
- સ્વ. લાલાભાઈ ધનાભાઈ પટેલ(ઉ.વ. ૭૩) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. બચીબેન ભુલાભાઈ રાવલ(ઉ.વ. ૭૩) મુ.પો. ચિલોડા મોટા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન જમનાદાસ સુથાર(ઉ.વ. ૮૪) પ્લોટ નં. ૧૭૩/૧, સેકટર-૧/બી, ગાંધીનગર
- સ્વ. મોહનલાલ મણિશંકર ત્રિવેદી (ઉ.વ. ૯૧) પ્લોટ નં. ૧૮૯/૧, સેકટર-૫/એ, ગાંધીનગર
- સ્વ. રામાભાઈ કોદ્યાભાઈ વણકર(ઉ.વ. ૯૮) પ્લોટ નં. ૩૨૮/૧, સેકટર-૩/બી, ગાંધીનગર
- સ્વ. હીરાબેન બેચરજી ઠાકોર(ઉ.વ. ૭૨) ફતેહપુરા, સેકટર-૧૫, ગાંધીનગર
- સ્વ. રાયચંદભાઈ મથુરભાઈ દંતાણી(ઉ.વ. ૪૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. મંગાજી માધાજી ઠાકોર(ઉ.વ. ૫૫) મુ.પો. ફતેહપુરા, તા. માણસા, જિ. ગાંધીનગર